# સૌથી મોટું કોણ ?

— રાજુ અંધારિયા

કારકિર્દી ઘડવા માટે કાયદેસરનું હોય એવું કોઈ પણ કામ નાનું નથી હોતું કે નથી હોતું મોટું. બીજાના કામ સાથે પોતાના કામની બિનજરૂરી સરખામણી કે દેખાદેખી કરવાને બદલે જરૂર છે પોતાના કામ પ્રત્યે લગાવ અને સંનિષ્ઠા દાખવવાની. જો આમ ન થાય તો એક છોડીને શરૂ કરેલા બીજા કામમાંથીય સંતોષ નહીં મળે.

પથ્થર તોડવાની મજૂરી કરતા સલાટને પોતાના કામ અને જિંદગીથી ભારે અસંતોષ હતો. એક દિવસ એ એક શ્રેષ્ઠીના મહેલ પાસેથી પસાર થતો હતો ત્યારે એણે ત્યાં સુખસંપત્તિની રેલમછેલ જોઈ. એને થયું કે આ નગરશ્રેષ્ઠી કેટલો શક્તિશાળી છે ! એને ઇર્ષ્યા થઈ અને પોતેય એ શ્રેષ્ઠી જેવો હોય તો



કેવું સારું એવો વિચાર આવ્યો.

ત્યાં કોઈ ચમત્કાર થયો અને એ નગરશ્રેષ્ઠી બની ગયો. હવે એ સુખસાહબીનો માલિક બની ગયો હતો. લોકો એની ઈર્ષા કરતાં હતાં.

એકવાર એણે રાજાના મંત્રીને પાલખીમાં બેસીને પસાર થતો જોયો. એની આસપાસ એના રક્ષકો અને બીજા જીહજૂરિયા હતા. રસ્તા પરનો દરેક માણસ, પછી ભલેને એ ગમે એટલો અમીર હોય તો પણ એને ઝૂકીને સલામ કરતો હતો.

મંત્રીનો આવો દબદબો જોઈ એને હવે મંત્રી બનવાની ઇચ્છા જાગી. અને એ મંત્રી બની પણ ગયો. એ પણ હવે બધે પાલખીમાં બેસીને જવા લાગ્યો. લોકો એને કોઈવાર માનથી તો કોઈવાર ડરથી નમન કરવા લાગ્યા.

ઉનાળાનો પ્રારંભ થયો. કાળઝાળ ગરમીમાં એ પાલખીમાંય પરસેવે રેબઝેબ થઈ જતો હતો. આકાશમાંથી બળબળતો તાપ ઓકતા સૂરજને જોઈ એને થયું કે હું પણ આ સૂરજ જેવો શક્તિશાળી થઈ જાઉં તો કેવું સારું !

પછી એનું રૂપાંતર સૂરજમાં થયું. એના ઉગ્ર તાપમાં હર્યાંભર્યાં ખેતરો સુકાવા લાગ્યાં અને લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા. એવામાં એની અને પૃથ્વીની વચ્ચે એક વિશાળકાય કાળું ડિબાંગ વાદળ આવ્યું અને સૂરજનો પ્રકાશ હવે એ વાદળથી અવરોધાઈ ગયો. આથી હવે એને એવું વરસાદી વાદળ બની જવાનું મન થયું.

અને એ વાદળ બની જતાં એણે ચારેકોર જળબંબાકાર કરી હાહાકાર મચાવી દીધો. પણ એ દરમિયાન એને લાગ્યું કે કોઈ બળ એને આમથી તેમ ફંગોળી રહ્યું હતું. આ બળ એટલે પવન. હવે એને પવન બનવાની ઇચ્છા જાગી. એ પવન બની ગયો. એણે સુસવાટા સાથે બધું ખેદાનમેદાન કરી મૂક્યું. પણ એના માર્ગમાં એક કાળમીંઢ ખડક આવ્યો. પવનના જોરથી એ તસુભાર પણ ખસ્યો નહીં. એને થયું કે આ ખડકથી શક્તિશાળી બીજું કાંઈ જ ન હોઈ શકે.

ખડક બનીને એ અડીખમ ઊભો રહ્યો. એવામાં એને એની સખત સપાટી પર હથોડી વડે ટાંકણાથી સખત પ્રહાર થતો સંભળાયો. એણે જોયું કે ધીરે ધીરે એના સ્વરૂપમાં પરિવર્તન થઈ રહ્યું હતું. એણે વિચાર્યું કે ‘‘હું તો ખડક, મારા કરતાંય વધુ શક્તિશાળી કોણ હોઈ શકે ?’’

એણે પોતાના વિશાળ કદની નીચે જોયું તો એક સલાટની આકૃતિ નજરે પડી.

■